# ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિ.

રજી. ઓફિસઃ લોકાયુકત ભવનની પાછળ,

"છ" રોડ, સેકટર-૧૦/બી, ગાધીનગર-૩૮૨૦૧૦

હેલ્પ લાઇન : ૯૯૭૮૪ ૧૦૧૧૮

જાહેરાત ક્રમાંક : **GPHC/202021/1**

---

## મદદનીશ ઇજનેર (સિવિલ) વર્ગ-૩ ની કાયમી જગ્યા પર ભરતી માટે અગત્યની વિગતવારની સુચનાઓ :-

(૧) ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લી. માટે મદદનીશ ઇજનેર (સિવિલ) ની કુલ-૧૧ જગ્યાની ભરતી માટે ફકત ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ ભરતી પ્રક્રિયા નિગમની હાલની ખાલી રહેલ ૫ (પાંચ) જગ્યા અને તા.૩૧.૧૦.૨૦૨૧ સુધીમાં ખાલી થનાર ૬ (છ) જગ્યાને ધ્યાને લઇ આ જાહેરાત પ્રસિધ્ધ કરેલ છે. આ જગ્યા માટે લાયકાત પરીપૂર્ણ કરતા અને ઇચ્છા ધરાવતા ઉમેદવારોએ તા.૨૨/૦૯/૨૦૨૦ (બપોરના કલાક ૧૨.૦૦) થી તા.૦૬/૧૦/૨૦૨૦ (રાત્રીના ૧૧.૫૯ કલાક સુધી) દરમ્યાન ઇન્ટરનેટ પર https://ojas.gujarat.gov.in વેબ સાઇટ પર જઇ "ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લી. જાહેરાત" ના પેઇજ પર જઇ ઓનલાઇન અરજી કરવાની રહેશે. ઉમેદવારે ઓનલાઇન અરજી કરતા પહેલા માહિતી અને સૂચનાઓ ઉકત વેબસાઇટ પરથી પુરી કાળજીપૂર્વક વાંચી લેવાની રહેશે. ઉમેદવારોએ ઓનલાઇન અરજી કન્ફર્મ થયા પછી તેની પ્રિન્ટ કાઢી પોતાની પાસે રાખવાની રહેશે અને જ્યારે માંગવામાં આવે ત્યારે રજુ કરવાની રહેશે. હાલ કોઇપણ કચેરીમાં ટપાલથી કે રૂબરૂમાં અરજીપત્રકો મોકલવાના રહેશે નહીં તેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

(૨) ઉમેદવારે સ્વયં અથવા ઇન્ટરનેટ જાણકારની મદદથી પોતાનો રંગીન પાસપોર્ટ સાઇઝના ફોટાની ઇમેજ ૧૫ KB અને સીગ્નેચરની ઇમેજ ૧૫ KB સાઇઝથી વધે નહીં તે રીતે JPG ફોર્મેટમાં સ્કેન કરી અરજી પત્રકમાં અપલોડ કરવાના રહેશે.

(૩) આ ભરતી માટે નીચે જણાવ્યા મુજબની કુલ-૧૧ સિવિલ ઇજનેર જગ્યાઓ ભરવામાં આવનાર છે. આ જગ્યાઓ ગુજરાતમાં નિગમની કચેરીઓ અંતર્ગત જેવી કે, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત વિગેરે માટેની રહેશે.

| | | |
|---|---|---|
| જનરલ | - | ૦૮ |
| અનુસૂચિત જનજાતિ (ST) | - | ૦૧ |
| આર્થિક રીતે નબળા વર્ગ (EWS) | - | ૦૧ |
| સામાજિક અને આર્થિક પછાત વર્ગ | - | ૦૧ |
| કુલ | - | ૧૧ |

(૪) ભરતી સંબંધિત તમામ જરૂરી પ્રમાણપત્રો તા.૦૬/૧૦/૨૦૨૦ સુધીમાં ઇશ્યુ થયેલા હોવા જોઇએ. જેમાં સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ તે જ્ઞાતિના મળવાપાત્ર લાભ લેવા માટે સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગાંધીનગરના તા.૨૬.૦૪.૨૦૧૮ના ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ થી જણાવ્યા મુજબ બિન ઉન્નત વર્ગના (Non Creamy Layer)ની અવધી (Validity) આવું પ્રમાણપત્ર જે નાણાંકીય વર્ષમાં મેળવ્યુ હોય તે સહિત ત્રણ વર્ષની રહેશે. જેમાં કોવિડ-૧૯ ને કારણે ૧ વર્ષની અવધિ વધારવામાં આવેલ છે. જેથી **બિન ઉન્નત વર્ગ (Non Creamy Layer)નું પ્રમાણપત્ર સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવી લેવાનું રહેશે અને આ પ્રમાણપત્ર તા.૦૧/૦૪/૨૦૧૭ થી તા.૦૬/૧૦/૨૦૨૦ ની વચ્ચેના સમયગાળામાં ઇસ્યુ થયેલ હોવું જોઇએ.** અને આર્થિક નબળા વર્ગ (EWS) નું પ્રમાણપત્ર સામાન્ય વહીવટ વિભાગના તા.૦૬/૦૨/૨૦૧૯ના પરિપત્ર ક્રમાંકઃ પરચ/૧૦૨૦૧૯/૨૮૬૭૧/ગ-૨ મુજબ **તા.૦૬/૦૨/૨૦૧૯ થી તા.૦૬/૧૦/૨૦૨૦ ની વચ્ચેના સમયગાળામાં ઇસ્યુ થયેલ હોવું જોઇએ** આ પ્રમાણપત્રો માંગવામાં આવે ત્યારે રજુ કરવાના રહેશે. અન્યથા અનામતનો લાભ મળવાપાત્ર રહેશે નહીં.

(૫) **વયમર્યાદાઃ** પુરૂષ ઉમેદવારની ઉંમર તા.૦૬/૧૦/૨૦૨૦ ના રોજ લઘુત્તમ ૨૫ વર્ષ થી મહત્તમ ૩૫ વર્ષની હોવી જોઇએ. (રાજય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૬.૧૦.૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક સીઆરઆર/૧૧૨૦૦૮/૨૮૨૩૨૩/ગ.૫ અનુસાર મહત્તમ વયમર્યાદા છૂટછાટ સહિત). ઉપરાંત અનામત વર્ગ (મહિલા અનામત સહિત) ના ઉમેદવારોને રાજય સરકારશ્રીના નિયમોનુસાર વયમર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર રહેશે. (ઉદાહરણ રૂપે ઉંમરનો કોઠો નીચે દર્શાવેલ છે)

| પુરૂષ ઉમેદવાર | | | મહિલા ઉમેદવાર | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | વિગત | વય મર્યાદા | ક્રમ | વિગત | વય મર્યાદા |
| ૧ | સામાન્ય વર્ગ | તા.૦૬/૧૦/૧૯૮૫ થી તા.૦૬/૧૦/૧૯૯૫ સુધી (ઓછામાં ઓછા ૨૫ વર્ષ વધૂમાં વધુ ૩૫ વર્ષ સુધી) | ૧ | સામાન્ય વર્ગ | તા.૦૬/૧૦/૧૯૮૦ થી તા.૦૬/૧૦/૧૯૯૫ સુધી (ઓછામાં ઓછા ૨૫ વર્ષ વધૂમાં વધુ ૪૦ વર્ષ સુધી) |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨ | ST/SEBC/EWS | તા.૦૬/૧૦/૧૯૮૦ થી તા.૦૬/૧૦/૧૯૯૫ સુધી (ઓછામાં ઓછા ૨૫ વર્ષ વધૂમાં વધુ ૪૦ વર્ષ સુધી) | ૨ | ST/SEBC/EWS | તા.૦૬/૧૦/૧૯૭૫ થી તા.૦૬/૧૦/૧૯૯૫ સુધી (ઓછામાં ઓછા ૨૫ વર્ષ વધૂમાં વધુ ૪૫ વર્ષ સુધી) |

નોંધઃ (૧) ઉપરોકત વય મર્યાદા તા.૦૬.૧૦.૨૦૨૦ની સ્થિતીએ ગણવાની રહેશે.

(૬) **શૈક્ષણિક લાયકાત** : માન્ય યુનિવર્સિટીમાંથી Bachelor of Engineering in Civil ની પદવી (ઓછામાં ઓછા પ્રથમ વર્ગ મેળવેલ હોવો જોઇએ)

(૭) **અનુભવ**: સ્નાતકની પદવી મેળવ્યા પછીનો બાંધકામના પ્રોજેકટની સાઇટ પર કામ કરવાનો ઓછામાં ઓછો ૨ વર્ષ અને તેથી વધુ અનુભવ હોય તેવા ઉમેદવાર જ અરજી કરી શકે છે. સંબંધિત ઉમેદવારને તા.૦૬.૧૦.૨૦૨૦ ના રોજ ૨ વર્ષનો અનુભવ પૂર્ણ થયેલ હોવો જરૂરી છે.

(૮) **પરીક્ષા** : પરીક્ષા ૧૦૦ પ્રશ્નના હેતુલક્ષી (ઓબ્જેકટીવ) પ્રશ્નપત્રમાં લેવાશે. જેમાં દરેક પ્રશ્નના ૪ (ચાર) ગુણ લેખે કુલ ગુણ ૪૦૦ રહેશે. જે પરીક્ષાનો સમય દોઢ કલાકનો (૯૦ મીનીટ) રહેશે. આ પ્રશ્નપત્રમાં ૮૫ પ્રશ્નો નીચેના વિષયો પર આધારિત રહેશે.

1. Public Health Engineering (Sewage, water treatment etc.)
2. Construction Technology.
3. Surveying
4. Soil mechanics
5. Concrete Technology
6. Foundation Engneering
7. Building Materials
8. Structure Design and Analysis
9. Estimating & Costing

તથા ૧૫ પ્રશ્નો General Awarness & Current Events of National & International importance પર આધારિત રહેશે. આ લેખિત પરીક્ષા MCQ (Multiple Choice Question) અને OMR Optical Mark Reader) પદ્ધતિથી લેવામાં આવશે. દરેક સાચા જવાબ માટે ચાર ગુણ મળશે. દરેક ખોટા જવાબ માટે ૧ (એક) ગુણ નેગેટીવ માર્કીંગ પેટે કાપી લેવામાં આવશે. OMR શીટમાં સફેદ શાહી (White Ink) નો ઉપયોગ નિષેધ છે. જો કોઇ ઉમેદવાર કોઇ પ્રશ્નના જવાબમાં સફેદ શાહી (White Ink) નો ઉપયોગ કરશે અથવા તો ચેકચાક કરશે તો તે જવાબ ખોટો ગણવામાં આવશે. પરિક્ષાનું માધ્યમ ફકત અંગ્રેજી રહેશે.

(૯) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ વિગતો કોઇપણ તબક્કે ખોટી માલુમ પડશે તો તેની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. તેમજ તેમની ઉમેદવારી પણ રદ્દ કરવામાં આવશે.

(૧૦) જાહેરાત કોઇપણ કારણોસર રદ્દ / ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો નિગમનો સંપૂર્ણ હક્ક અને અધિકાર રહેશે. નિગમ આ માટે કારણો આપવા બંધાયેલ નથી.

(૧૧) એક ઉમેદવાર એક અરજી (No Multiple Application)

એક ઉમેદવાર એક જ અરજી કરી શકશે. તેમ છતાં એકથી વધુ અરજી (Multiple Application) ના કિસ્સામાં ફી સહિત સર્વ રીતે યોગ્ય રીતે ભરેલી અરજીઓ પૈકી સૌથી છેલ્લી કન્ફર્મ થયેલી એક જ અરજી માન્ય ગણાશે. તે સિવાયની બધી અરજીઓ રદ્દ થશે અને ભરેલ ફી ના નાણાં પરત મળશે નહીં.

(૧૨) ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઇલ નંબર દર્શાવે તે જ નંબર ચાલુ રાખવો. ભવિષ્યમાં નિગમ તરફથી આ ભરતી પ્રક્રિયાને સબંધિત સૂચનાઓ ઉમેદવારને આ દર્શાવેલ નંબરના મોબાઇલ પર SMS થી મોકલવામાં આવશે. તેથી દર્શાવેલ મોબાઇલ નંબર બદલવો નહીં.

(૧૩) નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ્દ કરવામાં આવશે.

(આ યાદી માત્ર ઉદાહરણ સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી.)

(a) ઓનલાઇન મુસદ્દા મુજબ અરજી કરેલ ન હોય.

(b) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.

(c) અરજીમાં ઉમેદવારે સહી કે રંગીન પાસપોર્ટ સાઇઝનો સુચવેલ ફોર્મેટમાં ફોટો અપલોડ કરેલ ન હોય.

(d) અરજી ફેકસથી, ઇમેઇલથી અથવા પોસ્ટથી મોકલાવેલ હોય.

(e) ઉમેદવારે પૂરેપૂરી ફી ભરેલ ન હોય.

## (૧૪) શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રોની ચકાસણી :

લેખિત પરિક્ષા પૂર્ણ થયા બાદ લેખિત પરિક્ષાના પરિણામના આધારે નિયમોનુસાર જરૂરી ઉમેદવારોને શૈક્ષણિક તથા અનુભવના પ્રમાણપત્રોની ચકાસણી માટે બોલાવવામાં આવશે. જેમાં તમામ પ્રમાણપત્રો અસલમાં સાથે રાખીને હાજર રહેવાનુ રહેશે.

## (૧૫) પસંદગી યાદી :

રાજય સરકારશ્રીના પ્રવર્તમાન નિમયનોનુસાર વર્ગ-૩ માં રૂબરૂ મુલાકાત (ઇન્ટર્વ્યુ) પધ્ધતિ રદ કરેલ છે. જેથી શૈક્ષણિક પ્રમાણપત્રોની ચકાસણી બાદ લેખિત પરીક્ષામાં મેળવેલ કુલ ગુણના આધારે નિયમોનુસાર કુલ-૧૧ ઉમેદવારોની કેટેગરી પ્રમાણે પસંદગી યાદી તૈયાર કરી હાલમાં ઉપલબ્ધ રહેલ કુલ-૫ ખાલી જગ્યાની નિમણૂંકની કાર્યવાહી પ્રથમ હાથ ઘરવામાં આવશે અને બાકી રહેલ કુલ-૬ જગ્યા પર નિમણૂંકની પ્રક્રિયા તા.૩૧.૧૦.૨૦૨૧ સુધીમાં

તબકકાવાર હાથ ધરવામાં આવશે તથા ૧૫ (પંદર) ઉમેદવારોની પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.

(૧૫.૧) બે ઉમેદવારો લેખિત પરીક્ષામાં સમાન ગુણ મેળવે ત્યારે નીચે મુજબ પસંદગી કરવામાં આવશે.

- બંને ઉમેદવારોની શૈક્ષણિક લાયકાત પૈકી જે ઉમેદવારની શૈક્ષણિક લાયકાત વધુ હશે, તેને પ્રથમ પસંદગી રહેશે. દા.ત. જો બે સમાન ગુણવાળા ઉમેદવારો પૈકી એક ઉમેદવારની લાયકાત બી.ઇ. (સિવિલ) હોય અને બીજા ઉમેદવારની લાયકાત એમ.ઇ. (સિવિલ) હોય તો એમ.ઇ. (સિવિલ) ની લાયકાતવાળા ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવશે અને જો બંને ઉમેદવારો એમ.ઇ. (સિવિલ) હોય તો બે પૈકી કોઇ એક ઉમેદવારની લાયકાત એમ.ઇ. (સિવિલ) ઉપરાંત સિવિલ ઇજનેરી અથવા મેનેજમેન્ટ વિષયની અન્ય કોઇ લાયકાત દા.ત. એમ.બી.એ. હશે તો તેને પ્રથમ પસંદગી આપવામાં આવશે.
- જો બંને ઉમેદવારોની શૈક્ષણિક લાયકાત સમાન હશે તો જે ઉમેદવારના ડિગ્રી પરીક્ષાના CGPA વધુ હશે તેને ધ્યાનમાં લેવામાં આવશે. પરંતુ જો તેઓના ડિગ્રી પરીક્ષાના CGPA સમાન હશે તો ધોરણ-૧૨ ની ટકાવારી / પર્સન્ટાઇલ ધ્યાને લેવામાં આવશે અને ધોરણ-૧૨ ની ટકાવારી પણ સમાન હશે તો ધોરણ-૧૦ ની ટકાવારી / પર્સન્ટાઇલ ધ્યાનમાં લેવામાં આવશે.
- ત્યારબાદ જો શૈક્ષણિક લાયકાત તેમજ ટકાવારી પણ સમાન હશે તો તેવા કિસ્સામાં ઉમેદવારોની જન્મ તારીખ ધ્યાને લેવામાં આવશે. જન્મ તારીખ પ્રમાણે વધુ ઉંમરવાળા ઉમેદવારને પસંદગી આપવામાં આવશે.

## (૧૬) પગારધોરણ :

૭ માં પગારપંચ મુજબ મદદનીશ ઇજનેર (સિવિલ) વર્ગ-૩ પગારધોરણ : રૂ.૩૯૯૦૦-૧૨૬૬૦૦ (પે મેટ્રીક્ષ લેવલ - VII) રહેશે. આ ઉપરાંત નિગમ તથા રાજય સરકારશ્રીના નિયમોનુસારના પગાર ભથ્થાં મળવાપાત્ર રહેશે.

## (૧૭) અરજી પત્રક ભરવા માટેની સુચનાઓ :

(૧૭.૧) તમામ જગ્યાઓ માટે ફકત ઓનલાઇન અરજી કરવાની રહેશે. આ ઓનલાઇન અરજી https://ojas.gujarat.gov.in વેબસાઇટ ઉપરથી કરી શકાશે. જ્યાં ઇન્ટરનેટ સુવિધા (સ્કેનર અને પ્રીન્ટર સાથે) ઉપલબ્ધ હોય તેવા કોઇપણ સ્થળે સાયબર કાફે અથવા ઇ-ગ્રામ પંચાયતમાં અથવા પોતાના રહેઠાણ/ઓફીસ માંથી ઉમેદવારો ઓનલાઇન અરજી કરી શકશે. રાજય સરકારશ્રી સંચાલિત જગ્યા પર ઉમેદવાર ફરજો બજાવતાં હોય તો તેઓ ધ્વારા તેમના ખાતા મારફત "ના વાંધા પ્રમાણપત્ર" મેળવી શૈક્ષણિક લાયકાતના

પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનું રહેશે અન્યથા તેઓની ઉમેદવારી રદ ગણવામાં આવશે.

(૧૭.૨) લાયકાતો ધરાવતા ઉમેદવારોએ ઉપરોકત જગ્યા માટે એક જ અરજી પત્રક ભરવાનું રહેશે.

(૧૭.૩) અરજદારે અરજી કરતી વખતે પોતાની સાથે રંગીન પાસપોર્ટ સાઇઝનો ફોટો, સ્કેન કરવા માટે પોતાની સહી, જરૂરી પ્રમાણપત્રો અને પૂરાવા રાખવા. જેથી તેના આધારે જ સાચી માહિતી અરજીમાં ભરી શકાય.

(૧૭.૪) ઓનલાઇન અરજી કન્ફર્મ કરીને અરજીની પ્રિન્ટ કાઢી લેવાની રહેશે.

(૧૭.૫) અરજી કન્ફર્મ થઇ ગયા બાદ આગળના ફકરા નંબર (૧૮.૨) માં આપેલ સુચના અનુસાર પરીક્ષા ફી ફકત પોસ્ટ ઓફીસ ખાતે રોકડમાં ભરી શકાશે.

## (૧૮) પરીક્ષા ફી :

(૧૮.૧) બિનઅનામત સંવર્ગના ઉમેદવારોએ રૂા.૨૦૦/- (Non -Refundable) લેખે ફી ભરવાની રહેશે. ફી ઉપરાંત લાગુ પડતા પોસ્ટ ઓફીસના ટેક્ષના ચાર્જીસ અલગથી ભરવાના રહેશે. અનામત સંવર્ગ (SC/ST/SEBC/EWS)ના ઉમેદવારોએ રાજય સરકારશ્રીના નિયમોનુસાર ફી ભરવાની રહેશે નહીં.

(૧૮.૨) ઉમેદવારો જ્યારે વેબ સાઇટ ઉપર પોતાની અરજી કન્ફોર્મ કરે ત્યારે તેઓને અરજી ફી ભરવા માટે Print Postoffice Challan ભરવા માટેનો વિકલ્પ પસંદ કરી પોસ્ટ ઓફીસમાં ફી ભરવા માટેના ચલણના નકલની પ્રિન્ટ કાઢી લેવાની રહેશે અને ઉમેદવારોએ ચલણ સાથે રાજ્યની કોઇપણ કોમ્પ્યુટરાઇઝડ પોસ્ટ ઓફીસમાં જઇને પરીક્ષા ફી રૂ.૨૦૦/- (Non -Refundable) તથા પોસ્ટ ઓફીસ ચાર્જીસના નાણાં રૂા.૧૨/- (Non -Refundable) ભરવાના રહેશે. ચલણની એક નકલ પોસ્ટ ઓફીસ રાખી લેશે અને બે નકલમાં સિક્કા કરી ઉમેદવારને પરત આપશે.

(૧૮.૩) અન્ય કોઇ રીતે ફી સ્વીકારવામાં આવશે નહીં.

(૧૮.૪) પોસ્ટ ઓફીસમાં ફી ભરવાની છેલ્લી તા.૧૧/૧૦/૨૦૨૦ (કચેરી સમય સુધી) છે.

(૧૮.૫) ફી ભર્યા બાદ રીફંડ કોઇપણ સંજોગોમાં મળવાપાત્ર નથી. તેમજ ફી ભરવાપાત્ર ઉમેદવારોની ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહીં.

(૧૮.૬) પોસ્ટ ઓફીસ ખાતે પરીક્ષા ફી ભર્યા બાદ ૨૪ કલાકની અંદર જો આપના મોબાઇલ ઉપર ફી ભર્યા અંગેનો કોઇ મેસેજ ન આવે તો ઉમેદવારે જે પોસ્ટ ઓફીસ ખાતે ફી ભરેલ છે તે જ પોસ્ટ ઓફીસનો સંપર્ક કરવાનો રહેશે અને તેઓ માફરતે આગળની જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

**<u>જરૂરી સૂચના :</u>**

લેખિત પરીક્ષા, પરીક્ષા કેન્દ્રો તેમજ આ જાહેરાતને સંલગ્ન અન્ય તમામ સૂચનાઓ વખતોવખત નિગમની વેબસાઇટ www.gsphc.gujarat.gov.in પર મુકવામાં આવશે, જેની ઉમેદવારોએ સમયાંતરે નોંધ લઇ ઘટિત કાર્યવાહી કરવાની રહેશે.

સ્થળ : ગાંધીનગર

તારીખ: ૨૨/૦૯/૨૦૨૦

(હસમુખ પટેલ)
અધિક પોલીસ મહાનિદેશક
અને મેનેજિંગ ડિરેક્ટર